| પૂરક પ્રશ્ન ક્રમાંક | **અગ્રતા ક્રમ –૦૨**<br>**પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી કનૈયાલાલ કિશોરી– દાહોદ** |
|---|---|
| **પ્રશ્ન–૨** | **પેક્સ મંડળીઓ દ્વારા પ્રોસેસીંગ ની કામગીરી કરવામાં આવશે પરંતુ તેનું માર્કેટીંગ અને વેચાણ થાય તેના માટે કોઈ વ્યવસ્થા છે?** |
| **જવાબ–૨** | • ભારત સરકાર દ્વારા વિવિધ પહેલો અંતર્ગત ત્રણ નવી મલ્ટી સ્ટેટ સંસ્થાઓ<br>(1) નેશનલ કો–ઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ (NCOL),<br>(2) નેશનલ કો–ઓપરેટિવ એક્સ્પોર્ટ લિમિટેડ (NCEL) તથા<br>(3) ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) ની નોંધણી કરવામાં આવી છે.<br>• આ પૈકી નેશનલ કો–ઓપરેટિવ ઓર્ગેનિક લિમિટેડ (NCOL) નો હેતુ પ્રાકૃતિક ધોરણે થતી ખેતીને પ્રોત્સાહન આપવાનો તથા આવી પેદાશોનું માર્કેટીંગ અને વેચાણ કરવાનો છે.<br>• નેશનલ કો–ઓપરેટિવ એક્સ્પોર્ટ લિમિટેડ (NCEL) નો હેતુ કૃષિ પેદાશોનું વેલ્યુ એડિશન કરીને તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વેચાણ વધારવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાનો છે.<br>• ભારતીય બીજ સહકારી સમિતિ (BBSS) નો હેતુ કૃષિ પેદાશો માટે સારી જાતના બિયારણો સભાસદ મંડળીઓના માધ્યમથી ખેડૂતો સુધી પંહોચાડવાનો છે.<br>• વિશ્વ કક્ષાએ “અમૂલ” પ્રસિધ્ધ ખાદ્ય બ્રાંડ બની છે તે જ ધોરણે આ સંસ્થાઓ પણ વિશ્વ પ્રસિધ્ધ બ્રાંડ બને/બનાવે તેવા વિઝન સાથે તેમની સ્થાપના કરવામાં આવી છે.<br>• રાજયની તમામ પેક્સ મંડળીઓને આ ત્રણ સંસ્થાઓમાં સભાસદ થવા રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરી રહી છે જેથી પેક્સ મંડળીઓ મારફત તેમના સભાસદ ખેડૂતો ની ખેતપેદાશોનું પ્રોસેસીંગ થયા પછી આ સંસ્થાઓ મારફત વેચાણની વ્યવસ્થાનો લાભ મળી શકે. |